હરીફાઈ

આર્મેનિયન લોકકથા



હરીફાઈ

આર્મેનિયન લોકકથા



એક દાડમના ઝાડ નીચે બે લૂંટારા, હમાયગ અને રહાદ, અચાનક મળ્યા. બંનેએ નક્કી કર્યું કે એ બપોરના ભોજનનો સમય હતો. એમને ત્યારે આશ્ચર્ય થયું જ્યારે એમણે જોયું કે એમના ટિફિન બોક્સમાં એકસરખું ખાવાનું હતું. એ બંનેને એ જાણતા બહુ વાર ન લાગી કે એ બન્નેના સગપણ એક જ છોકરી સાથે થયા હતા - એલિઝા સાથે, જેણે નિશ્ચયપણે બંને માટે ભોજન તૈયાર કર્યું હતું. કેમકે બંનેમાંથી કોઈ લૂંટારો એની પ્રેમિકાને છોડવા તૈયાર નથી, એટલે એલિઝાને પામવા માટે એમણે એક હરીફાઈનું આયોજન કરવાનો ફેંસલો કર્યો. જે ચોરી કરવામાં વધારે હોંશિયાર હોય એ વિજેતા થશે. પરીક્ષણમાં ચોરોની કસોટી થઈ. પણ જે પરિણામ આવ્યું એનો લૂંટારાને પણ કોઈ અણસાર ન હતો. વાર્તાનો અંત વાચકની અપેક્ષાથી બહુ જુદો છે.






એરેઝિંગા ગામની પાસે ઊંચા પહાડોમાં બે લૂંટારા રહેતા હતા, જેના નામ હતા હમાયગ અને રહાદ.

હમાયગ દિવસના ચોરી કરતો હતો અને એનું સગપણ જેની સાથે થયું હતું એ એલિઝા સાથે સાંજ વિતાવતો હતો.

રહાદ રાતે ચોરી કરતો હતો અને એના દિવસો એની થનારી પત્ની, જેનું નામ પણ એલિઝા હતું, એની સાથે વિતાવતો હતો.


પણ હકીકત એ હતી કે એ બંનેનું સગપણ એક જ એલિઝા સાથે થયું હતું, જોકે એ બંને એક-બીજાને જાણતા ન હતા.









એક સાંજે જયારે હમાયગ એલિઝાને ઘરે જઈ રહ્યો હતો, અને રહાદ એલિઝા માટે કિંમતી વસ્તુઓ શોધી રહ્યો હતો, ત્યારે પ્રત્યેક લૂંટારાએ એના ભવિષ્ય વિષે વિચાર્યું. દરેકે નક્કી કર્યું કે એ બાજુના પ્રાંતમાં જઈને એનું નસીબ અજમાવશે. બંને ચોરોએ તૈયારી કરી. એલિઝાએ બંનેને પ્રવાસ માટે ટિફિન બોક્સ આપ્યા.



હમાયગ રોજની જેમ સવારે જલ્દી નીકળ્યો, કારણકે એને દિવસે કામ કરવું પસંદ હતું. થોડા સમયમાં રહાદ પણ નીકળ્યો, કારણકે એને રાત પહેલા એના ગંતવ્યસ્થાન સુધી પહોંચવું હતું.
હવે એવું થયું કે બંને લૂંટારા બપોરે એક દાડમના ઝાડ નીચે ભેગા થયા, જ્યાં એ બપોરના ભોજન માટે રોકાયા હતા. એમણે એક-બીજાને પોતાનો પરિચય આપ્યો અને બંનેએ પોતપોતાના ટિફિન બોક્સ ખોલ્યા, એ જોવા માટે કે એલિઝાએ એને ખાવા માટે શું આપ્યું હતું.



હમાયગના બોક્સમાં ચીઝ અને જૈતૂન હતા. રહાદના બોક્સમાં પણ એજ હતું. રહાદે એક નાની બરણીમાંથી સુકાયેલું માંસ કાઢ્યું. હમાયગે પણ એવું કર્યું. એના સિવાય, બંને બોક્સમાં એક ટામેટું, ત્રણ ડુંગળી, અને ચાર મોટા જરદાળુ હતા.



આ સંયોગથી લૂંટારા આશ્ચર્યચકિત થઈ ગયા. એને લાગ્યું કે એ એક-બીજા સાથે મજબૂત બંધનથી બંધાયેલા છે. એમણે સાથે પ્રવાસ ચાલુ રાખ્યો અને એક-બીજાના જીવનની તૂલના કરી.

"હું મારી ચતુરાઈથી મારી આજીવિકા કમાઉં છું," હમાયગે કહ્યું.

"હું પણ એવું જ કરું છે."

"હું તને જણાવવા માંગુ છું કે હું એક લૂંટારો છું," હમાયગે કહ્યું.

"હું પણ."

"હું એરેઝિંગા ગામની ઉપર પહાડીમાં રહું છે," હમાયગે કહ્યું.

"હું પણ ત્યાં જ રહું છું."

"અને પહાડીની સૌથી મીઠી છોકરી એલિઝા સાથે મારી સગાઈ થઈ છે."

"મારી પણ."

"ના, મારી સગાઈ થઈ છે," હમાયગે જોર દઈને કહ્યું.

બંને જણા ઉત્તેજિત થઈ ગયા અને દરેકે એની નવયુવતીનું વર્ણન કર્યું.

થોડા સમયમાં એને સચ્ચાઈની ખબર પડી.

"હું એમ નહીં કહી શકું કે તું મારા પહાડોમાં ચોરી કરે છે એનાથી હું રાજી છું," હમાયગે કહ્યું, "પણ તું મારી ભાવિ પત્ની સાથે લગ્ન નહીં કરી શકે!"

"પણ એ મારી છે!" રહાદે રાડ પાડી, અને આ વાદ-વિવાદ ચાલુ રહ્યો. થોડા સમયમાં બંને લૂંટારાને સમજાયું કે ક્રોધ અને ગુસ્સાથી એની સમસ્યાનું સમાધાન નહીં થાય.

"ઠીક છે, આપણી છેતરામણી મીઠી પ્રેમિકાએ આપણામાંથી એકને તો છોડવો પડશે. એ કોણ હશે એ આપણે જ નક્કી કરીયે," બહુ આત્મવિશ્વાસ સાથે હમાયગ અને રહાદ એ વાત પર સહમત થયા. એ જાણવા માટે કે બેમાંથી કોણ વધારે ચતુર ચોર છે, એમણે એક હરીફાઈ યોજવાનો ફેંસલો કર્યો. વિજેતા એલિઝા સાથે લગ્ન કરશે.


કેમકે શહેરના મુખ્ય દરવાજામાંથી પ્રવેશ કર્યા પછી પણ હજી દિવસનો પ્રકાશ હતો, એટલે હમાયગનો વારો પહેલા હતો. એમણે જોયું કે એક માણસ એક નાની પોટલી લઇને દાગીનાની દુકાન તરફ જઈ રહ્યો હતો. હમાયગે ચુપચાપ પોટલી માણસ પાસેથી સરકાવી લીધી, અને જયારે એણે જોયું કે એમાં દાગીનો હતો, તો એણે ત્વરાથી એને પથ્થરોથી બદલી લીધો અને પોટલી માણસના હાથમાં પાછી મૂકી દીધી.




કહેવાની જરૂર નથી કે પોટલી ખોલવા પર એ માણસ અને ઝવેરી બંને અચંભિત થઈ ગયા. માણસનો ચહેરો લાલ થઈ ગયો, એ થોડું બબડયો, અને ત્યાંથી ચાલ્યો ગયો.

જયારે એ માણસ ઘર તરફ જલ્દીથી જઈ રહ્યો હતો, ત્યારે હમાયગે ફરી પોટલીમાંથી પથ્થર કાઢી લીધા, અને દાગીનો ફરી પોટલીમાં મૂકી દીધો. બંને લૂંટારાએ સ્મિત કરતા પોતાની ચાલબાજીનું પરિણામ જોવા એ માણસનો પીછો કર્યો. માણસની પત્નીએ એના ક્રોધનો પ્રવાહ સાંભળ્યો, જે બંને લૂંટારા બારીમાંથી જોતા હતા. પત્નીએ પોટલી ખોલી તો એમાં દાગીનો હતો.


"તું શું બકવાસ કરે છે?" પત્નીએ પૂછ્યું. "હું દાગીનાને બદલે તને પથ્થર શું કામ આપું?"



ગૂંચવાયેલા માણસે પોટલી બાંધી અને એ પાછો દાગીનાની દુકાન તરફ ચાલ્યો. પણ હમાયગે હજી એનું કામ પૂરું કર્યું ન હતું. હમાયગે પાછો દાગીનાને પોટલીમાંથી બહાર કાઢ્યો અને પથ્થરોને અંદર ભર્યા. બંને લૂંટારાઓએ પેલા માણસનો પીછો કર્યો. અને જયારે પોટલી ખુલી તો એ માણસ પાછો હેરાન થઈ ગયો. ઝવેરી એનું ધૈર્ય ખોઈ રહ્યો હતો. માણસે તરત પથ્થરોને પોટલીમાં બાંધ્યા અને ઘર તરફ ભાગ્યો.




લૂટારાનું હાસ્ય ચાલુ રહ્યું અને હમાયગે એનો ખેલ ચાલુ રાખ્યો. પોટલીમાં દાગીનાએ પથ્થરની જગ્યા લઈ લીધી, અને એ માણસે એની પત્ની પર રાડો પાડી એ સારું ન કર્યું કારણકે એની પત્નીએ ફરી સાબિત કર્યું કે એ મૂરખ જેવું વર્તન કરી રહ્યો હતો.
"શું તારી આંખો નબળી પડી ગઈ છે કે તારું મગજ ખરાબ થઈ ગયું છે?" પત્નીએ બૂમ પાડી. "મારા દાગીના લે અને એને સરખા કરવા તરત સોની પાસે લઈ જા ."



માણસ ત્રીજીવાર ઘરેણાં ઘરેથી લઈને નીકળ્યો, અને ત્રીજીવાર હમાયગે દાગીનાની જગ્યાએ પથ્થર મૂકી દીધા. જ્યારે માણસ દુકાન પર પહોંચ્યો ત્યારે ઝવેરીએ ફરી પોટલી ખોલી અને ફરી એમાંથી પથ્થર નીકળ્યા. એને ખાતરી થઈ ગઈ કે એ માણસ એની સાથે કોઈ રમત રમી રહ્યો છે, અને એણે એ માણસને દુકાનની બહાર કાઢ્યો.
"મારી દુકાન પર ફરી ક્યારેય આવતો નહીં!" એણે બૂમ પાડી.
પણ પછી એ માણસને પાછા જવાની જરૂર ન પડી કારણકે હમાયગે દાગીના એની પાસે રાખી લીધા.


"હવે રાત પડવાની છે," હમાયગે એના સાથીને કહ્યું, "મને જોવા દે કે તું કેટલો ચતુર છે."

રહાદે થોડા લાંબા ખીલા અને એક હથોડો લીધા અને એ હમાયગને ઈશખાનના મહેલમાં લઈ ગયો. એણે હમાયગને એના ખભા પર બેસવાનું કહ્યું, અને એ હથોડાથી મહેલની દીવાલ પર ખીલા ઠોકતા-ઠોકતા ઉપર ચઢી ગયા.






દીવાલની બીજી બાજુ, હમાયગને યાદ આવ્યું કે એ ભૂખ્યો છે.
"ઠીક છે," રહાદે કહ્યું, "આપણે ઉજાણી કરીશું."
એણે ઈશખાનના મરઘીઘરમાંથી સૌથી ગોળમટોળ મરઘી પકડી, આગ પ્રગટાવી, અને રાતનું ખાવાનું શેક્યું. હમાયગ થોડો ચિંતિત હતો કારણકે કોઈનું પણ આગ પ્રત્યે ધ્યાન જઈ શકતું હતું, પણ ત્યાં કોઈ ચોકીદાર દેખાતા ન હતા. ભોજન કર્યા પછી એમણે હાડકાં ત્યાંજ છોડી દીધા.



એ મહેલમાં પ્રવેશ્યા, અને રહાદ સીધો ઈશખાનના નિવાસ તરફ ગયો. હમાયગ ધીરે-ધીરે એની પાછળ ગયો. દરવાજાની બહાર એક ઊંઘાળવો ચોકીદાર હતો જે જાગતો રહેવા માટે તમાકુ ચાવી રહ્યો હતો. રહાદે દીવાલ પર એક કાંકરો ફેંક્યો. અવાજથી ચોકીદાર ચોંકી ગયો અને એના હાથમાંથી તમાકુ પડી ગઈ. એણે હોલમાં તપાસ કરી અને એ આશ્વસ્ત થયો કે એ એની કલ્પના હતી, અને ફરી એના સ્થાન પર ચાલ્યો ગયો, પણ એની તમાકુ ગાયબ થઈ ગઈ હતી. પાંચ મિનિટ પછી ચોકીદાર સૂઈ ગયો હતો.

લૂંટારા ઈશખાનના રૂમમાં પ્રવેશ્યા. રહાદે પલંગ હલાવ્યો અને રાજાને જગાવ્યો. અડધી ઊંઘમાં ઈશખાને એના આવવાનું કારણ પૂછ્યું, અને રહાદે એને જણાવ્યું કે એક મહત્પૂર્ણ નિર્ણય માટે એની જરૂર છે.



"એક વાર," રહાદે કહ્યું, "બે લૂંટારા હતા જેનું એક જ મહિલા સાથે સગપણ થયું હતું."

"એ કેવી રીતે શક્ય છે?" ઉંઘરેટો ઈશખાન બબડયો.


"લૂંટારાને એ ખબર ન હતી," રહાદે કહ્યું, "જ્યાં સુધી એક દિવસ એમણે એક જ પાડોશી પ્રાંતમાં જવાનો નિર્ણય કર્યો."

રહાદે દિવસ દરમ્યાન જે ઘટ્યું હતું એનું વિવરણ કર્યું. એણે ઈશખાનને એ જણાવ્યું કે કેવી રીતે એલિઝાની ગુપ્ત વાત એમને ખબર પડી, અને એનો પતિ કોણ બનશે એ નક્કી કરવા કેવી રીતે બંને લૂંટારાએ હરીફાઈ યોજી.

ઈશખાનને લાગ્યું કે એ કોઈ રમુજી સ્વપ્નું જોઈ રહ્યો છે.

રહાદે એને દિવસના ચોર વિષે વિસ્તારથી જણાવ્યું. કેવી રીતે એણે એક જ માણસ પાસેથી ત્રણ વાર એક જ ઘરેણાં ચોર્યા.

ઈશખાન સહમત થયો કે દિવસનો ચોર બહુ ચતુર ચોર હતો.



પછી રહાદે એને જણાવ્યું કે કેવી રીતે રાતના ચોરે મહેલની દીવાલ ઉપર ચઢીને મરઘીઘરમાંથી મરઘી ચોરી અને એને શેકીને ખાધી, અને હાડકાં છોડી દીધા. એ સિવાય લૂંટારાએ ઈશખાનના રૂમમાં પ્રવેશવાનું સાહસ પણ કર્યું.

"અસંભવ," સ્મિત કરતા ઈશખાને કહ્યું, "એ લૂંટારા દીવાલ પર ચઢીને આવ્યા ત્યારે, અથવા મરઘીને શેકીને ખાધા પહેલા જ પકડાઈ ગયા હોત. આ વાર્તા સાચી હોઈ ન શકે."

"કદાચ નહીં," રહાદે કહ્યું, "પણ મને કહો, અક્કલમંદ ઈશખાન, જો એ વાર્તા સાચી હોય, તો તમે એ બંનેમાંથી કોને વધારે ચતુર માનશો?"

"હું રાતના ચોરને વધારે ચતુર સમજીશ," ઈશખાને કહ્યું, "પણ દિવસનો ચોર પણ ઘણો ચાલાક હતો."

એ કહ્યા પછી ઈશખાન કોઈ બીજું સ્વપ્નું જોવા પડખું ફરીને સૂઈ ગયો.

બીજે દિવસે સવારે બે લૂંટારાના સ્વપ્ન વિષે યાદ કરતો ઈશખાન ઉઠયો.

ઈશખાનના ચોકીદારો સંમત થયા કે મહેલના આંગણા પાસે મળેલા મરઘીના હાડકાં વિષે ઈશખાનને ન કહેવાનું જ સારું રહેશે. દરમ્યાન, રહાદ અને હમાયગે ફેંસલો કર્યો કે એની છેતરામણી મીઠી પ્રેમિકા બંનેમાંથી કોઈ માટે લાયક નથી. બંને એ વાત પર સહમત થયા કે નવો પ્રાંત બંને માટે લાભદાયક ભવિષ્ય પ્રદાન કરી શકે છે. બંનેએ ત્યાં જ વસવાનો ફેંસલો કર્યો.





અને એરેઝિંગા ગામમાં એલિઝાએ પણ એક નવું ભવિષ્ય શોધી લીધું.

અેંઈાk